લૉકડાઉન છૂટછાટો બાદ એનએચએસઆરસીએલ વિવિધ પ્રવૃત્તિઓ ફરીથી શરૂ કરે છે

લૉકડાઉન નિયંત્રણો ધીમે ધીમે હળવા કરવામાં આવી રહ્યા હોવાથી, એનએચએસઆરસીએલ તેની તમામ ઓફિસો ખોલવા જઇ રહ્યું છે અને વિવિધ સ્થળ લિપરનાં કાર્યો ફરીથી શરૂ કરવા જઇ રહ્યું છે જેમ કે, બાંધકામ પ્રવૃત્તિ, જમીન સંપાદન પ્રક્રિયા, સંમતિ કેમ્પો અને સુવિધા સ્થળાંતરણ વગેરે. લૉકડાઉન સમયગાળાનો ઉપયોગ વિવિધ વિભાગો વચ્ચે સંકલન કરવાનાં તમામ પ્રયાસો કરી અને તેઓને આરઆઇટીઇએસ, જાપાનીઝ ઇન્ટરનેશનલ કન્સલ્ટન્ટ્સ વગેરે જેવા વિવિધ હિસ્સેદારો સાથે તેઓને સમન્વયનમાં લાવવા માટે કરવામાં આવ્યો હતો. આ એવો સમય પણ હતો જ્યારે અમે ત્રણ સક્રિય ટેન્ડરો માટે બિડ-પૂર્વેની અમારી સૌપ્રથમ ઓનલાઇન મીટિંગ યોજી હતી. આ ટેકનોલોજીની મદદથી આગળ વધવામાં એક મોટું પગલું છે. એનએચએસઆરસીએલનાં તમામ વિભાગોનાં વડાઓ શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવા અને તેઓ દ્વારા હાથ ધરવામાં આવી રહેલા વિવિધ કાર્યો અંગે એકબીજાને અપડેટ કરવા વિડીયો કોન્ફરન્સિંગથી નિયમિત મીટિંગ કરતા હતા. લૉકડાઉન સમયગાળામાં પણ અમારા માટે કાર્ય કદાપી બંધ થયું ન હતું.

હવે, સામાજીક અંતર જાળવી રાખીને અને સુધારેલા સ્વચ્છતાનાં માપદંડો સાથે અમે કાર્ય રૂટિનો સામાન્ય કરવા તરફ આગળ વધી રહ્યા હોવાનાં કારણે, અમારી તમામ ઓફિસો સંપૂર્ણ કામગીરીમાં પરત આવી રહી છે. તાજેતરમાં, સુરત જીલ્લામાં મુલાડ ગામમાં સંમતિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, સુરત અને અમદાવાદમાં સુવિધા સ્થળાંતરણ કાર્ય ફરીથી શરૂ કરવામાં આવ્યું હતું, સાબરમતી હબ બાંધકામ સ્થળ પર બાંધકામ કાર્ય ગતિ મેળવી રહ્યું છે. અમને ખાતરી છે કે ખુબ જ નજીકનાં ભવિષ્યમાં અમે સંપૂર્ણ કામગીરીમાં આવી જઇશું.

અમારી ઓફિસો અને અન્ય સ્થળ કાર્યો પરથી કેટલીક છબીઓ જોડેલી છે

| | |
|---|---|
| <br><br>છબી 1: અમદાવાદમાં સુવધાિ સ્થળાંતરણ કાર્ય | <br>છબી 2: એનએચએસએરસીએલ પાલઘર ઓફસિ પર પ્રગતમિાં ઓફસિ સેનટિશન કાર્ય |
| <br><br>છબી 3: ઓફસિનાં પ્રવેશદ્વારો પર સેનટિાઇઝરો રાખવામાં આવ્યા છે | <br>છબી 4: સામાજીક અંતરની ખાતરી કરતી એનએચએસઆરસીએલ ઓફસિ |




છબી 5: એનએચએસઆરસીએલ ઓફસિ પર થર્મલ સ્ક્રીનંગિ



છબી 6: સુરત જીલ્લાનાં મુલાડ ગામમાં હાથ ધરવામાં આવી રહેલો સંમતિ કૅમ્પ



છબી 7: વડોદરા જીલ્લામાં આવેલી અમારી એક ઓફસિ પર થર્મલ સ્ક્રીનંગિ